# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-02-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં તેમના નવા કાર્યાલય સેવા તીર્થ સંકુલનું ઉદ્ઘાટન કર્યું.
2. સેવા તીર્થ યોજના અપનાવ્યા પછીના તેમના પ્રથમ નિર્ણયમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી રાહત યોજનાને મંજૂરી આપી.
3. રાષ્ટ્રપતિએ કહ્યું કે વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે માત્ર રાજકીય સ્થિરતા અને મજબૂત અર્થતંત્ર જ નહીં, પણ સ્વસ્થ, શિક્ષિત અને જવાબદાર નાગરિકોની પણ જરૂર છે.
4. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પક્ષના પ્રમુખ તારિક રહેમાનને બાંગ્લાદેશની ચૂંટણીમાં જીત બદલ અભિનંદન આપ્યા.
5. વિશ્વ રેડિયો દિવસ નિમિત્તે રાયપુર આકાશવાણીમાં કોન્કલેવ યોજાઇ.
6. ICC મેન્સ T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં, ચેન્નાઈમાં અમેરિકા અને નેધરલેન્ડ્સ વચ્ચે ગ્રુપ ડીની મેચ ચાલી રહી છે

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM – SEVA TIRTH PARISAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સેવા તીર્થ, કર્તવ્ય ભવન-1 અને 2 ભારતની વિકસિત ભારત તરફની યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. દિલ્હીમાં સેવા તીર્થ સંકુલમાં એક સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે આ નાગરિક-કેન્દ્રિત શાસન અને રાષ્ટ્રીય પ્રગતિ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે લોકો આજે એક નવો ઇતિહાસ રચાતા જોઈ રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે દરેક વ્યક્તિ વિકસિત ભારત પ્રાપ્ત કરવાના સંકલ્પ સાથે સેવા તીર્થ અને કર્તવ્ય ભવન પ્રવેશી રહ્યો છે.

(BYTE – PM MODI)

----------

# PM – SEVA TIRTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં સેવા તીર્થ સંકુલનું ઉદ્ઘાટન કર્યું. આ તેમનું નવું કાર્યાલય હશે. સેવા તીર્થ યોજના અપનાવ્યા પછીના તેમના પ્રથમ નિર્ણયોમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી રાહત યોજનાને મંજૂરી આપી. શ્રી મોદીએ ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને પીડિત નાગરિકો માટે મહત્વપૂર્ણ નિર્ણયો સંબંધિત મહત્વપૂર્ણ ફાઇલો પર હસ્તાક્ષર કર્યા.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(VOICECAST – AJAY INDREKAR)

*(સેવા તીર્થ યોજના હેઠળ શ્રી મોદીએ લીધેલા આ પ્રથમ નિર્ણયો સેવાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે અને સમાજના દરેક વર્ગને સમાવિષ્ટ કરે છે. પ્રધાનમંત્રી રાહત યોજના હેઠળ, અકસ્માત પીડિતો દોઢ લાખ સુધીની મફત સારવાર મેળવી શકશે. સરકારે ત્રણ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનો મહત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કર્યો છે. પ્રધાનમંત્રીએ માર્ચ 2029 સુધીમાં 6 કરોડ લખપતિ દીદીઓનું નવું મહત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યું છે. કૃષિ માળખાગત ભંડોળને બમણું કરીને 2 લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ 10 હજાર કરોડના ભંડોળ સાથે સ્ટાર્ટઅપ ઇન્ડિયા ફંડને  બીજા તબક્કાની મંજૂરી આપી છે, જે નવીનતાના આગામી તરંગને પ્રોત્સાહન આપશે. જે ભારતના ખાસ કરીને સઘન ટેક્નોલોજી ઇનોવેશન ઇકોસિસ્ટમમાં પ્રારંભિક તબક્કાના વિચારો, અદ્યતન ઉત્પાદન અને ક્રાંતિકારી ટેકનોલોજીઓને સશક્ત બનાવશે. અજય ઇન્દ્રેકર,. આકાશવાણી સમાચાર.. અમદાવાદ.)*

---------

## SEVA TIRTH - VP, HM

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલા સેવા તીર્થના અનાવરણને ઐતિહાસિક ક્ષણ ગણાવી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે સેવા તીર્થ ભારતની આત્મનિર્ભર અને વિકસિત ભારત તરફની પ્રગતિનું પ્રતીક છે.

ગૃહમંત્રી અમિત શાહે નવા પ્રધાનમંત્રી કાર્યાલય, સેવા તીર્થના ઉદ્ઘાટનને ઐતિહાસિક ગણાવ્યું. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું કે સેવા તીર્થ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સેવા-સંચાલિત સરકારના સંકલ્પનું પ્રતીક છે.

----------

## Parliament adjourned

સંસદના બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત રાખવામાં આવી છે. બજેટ સત્રનો બીજો તબક્કો 9 માર્ચે ફરી શરૂ થશે. બજેટ સત્રનો પહેલો તબક્કો ગયા મહિનાની 28મી તારીખે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના બંને ગૃહોને સંયુક્ત સંબોધન સાથે શરૂ થયો હતો. બે તબક્કાના બજેટ સત્રનો બીજો તબક્કો આ વર્ષે 9 માર્ચથી 2 એપ્રિલ સુધી ચાલશે.

પહેલા મુલતવી પછી જ્યારે લોકસભા ફરી શરૂ થઈ, ત્યારે ઘણા મંત્રીઓએ તેમના મંત્રાલયો સંબંધિત દસ્તાવેજો રજૂ કર્યા. ત્યારબાદ, પ્રિસાઇડિંગ ઓફિસર સંધ્યા રાયે ગૃહ મુલતવી રાખ્યું.

----------

## PREZ-KARMAYOGA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે માત્ર રાજકીય સ્થિરતા અને મજબૂત અર્થતંત્ર જ નહીં, પણ સ્વસ્થ, શિક્ષિત અને જવાબદાર નાગરિકોની પણ જરૂર છે.

નવી દિલ્હીમાં મજબૂત ભારત માટે કર્મયોગ પર રાષ્ટ્રવ્યાપી અભિયાનને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે જનતાની સક્રિય ભાગીદારી વિના કોઈપણ રાષ્ટ્રીય ધ્યેય પ્રાપ્ત કરવું મુશ્કેલ છે.

(BYTE- PRESIDENT MURMU)

રાષ્ટ્રપતિએ કહ્યું કે મહાત્મા ગાંધીનું જીવન પણ કર્મયોગનું વ્યવહારુ ઉદાહરણ હતું. તેમણે ગીતામાં આપેલા કર્મયોગના ઉપદેશોને આત્મસાત કર્યા.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# Bangladesh – PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પક્ષના પ્રમુખ તારિક રહેમાન સાથે વાત કરી અને બાંગ્લાદેશની ચૂંટણીમાં તેમની ભવ્ય જીત બદલ તેમને અભિનંદન આપ્યા.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ બાંગ્લાદેશના લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવાના તેમના પ્રયાસોમાં શ્રી રહેમાનને શુભેચ્છાઓ અને સમર્થન વ્યક્ત કર્યું. પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યું કે બે નજીકના પડોશી તરીકે, તેઓ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે. તેમણે બંને દેશોના લોકોની શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે ભારતની સતત પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

----------

# BANGLADESH ELECTION

બાંગ્લાદેશમાં ચૂંટણી પંચ દ્વારા 297 મતવિસ્તારો માટે જાહેર કરાયેલા પરિણામો અનુસાર, બાંગ્લાદેશ નેશનાલીસ્ટ પાર્ટી- BNP અને તેના સાથી પક્ષોને 212 બેઠકો મળી, જેમાં BNP એ 209 બેઠકો જીતી.

બાંગ્લાદેશ જમાત-એ-ઇસ્લામી અને તેના સાથી પક્ષોને 77 બેઠકો મળી. 300 મતવિસ્તારોમાંથી 299 મતવિસ્તારોમાં મતદાન થયું; સંસદીય ચૂંટણીઓ સાથે યોજાયેલા રાષ્ટ્રીય લોકમતમાં 60.26 ટકા મતદાન થયું.

----------

## BJP – RAHUL GANDHI

ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી પર લોકશાહી પ્રક્રિયા, તેની પવિત્રતા, બંધારણીય શિષ્ટાચાર અને સંસદના નિયમોનું સન્માન ન કરવાનો આરોપ લગાવ્યો.

નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, ભાજપના પ્રવક્તા રવિશંકર પ્રસાદે દાવો કર્યો કે શ્રી ગાંધી રાષ્ટ્રીય રાજકારણને સમજી શકતા નથી. તેમણે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પર દેશની છબીને કલંકિત કરવાનો આરોપ લગાવ્યો.

----------

## SHIVRAJSINH CHAUHAN - CONVOCATION

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે જણાવ્યું હતું કે યુરોપિયન સંઘ અને અમેરિકા સાથેના તાજેતરના તમામ મુક્ત વેપાર કરારોએ ભારતના રાષ્ટ્રીય હિતોનું સંપૂર્ણ રક્ષણ કર્યું છે, જેમાં ખેડૂતોના કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.

તેમણે નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (IARI) ના 64મા દીક્ષાંત સમારોહને સંબોધતા આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે આજે ભારત ચીનને પાછળ છોડીને વિશ્વનો પ્રથમ ચોખા ઉત્પાદક

દેશ બની ગયો છે, અને ભારતીય ઘઉંની જાતો વૈશ્વિક સ્તરે પોતાની છાપ છોડી રહી છે.

આજે અનુસ્નાતક અને ડોક્ટરલ કાર્યક્રમો પૂર્ણ કરનારા કુલ 470 વિદ્યાર્થીઓને ડિગ્રી, 290 વિદ્યાર્થીઓને MSc/MTech ડિગ્રી, જ્યારે 180 વિદ્વાનોને PhD ડિગ્રી અપાઇ હતી.

----------

## Government - Wheat Export

સરકારે સ્થાનિક બજારોને સ્થિર કરવા અને ઉત્પાદકો માટે લાભદાયી ભાવ સુનિશ્ચિત કરવા માટે 25 લાખ મેટ્રિક ટન ઘઉંના ઉત્પાદન સાથે વધારાના પાંચ લાખ મેટ્રિક ટન ઘઉંના ઉત્પાદનની નિકાસને મંજૂરી આપી છે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે વર્તમાન ઉપલબ્ધતા અને ભાવની સ્થિતિના વ્યાપક મૂલ્યાંકન પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ઘઉંના ઉત્પાદનની નિકાસને મંજૂરી આપવાથી સ્થાનિક ભાવ સ્થિર થશે, બજારમાં પ્રવાહિતા વધશે, કાર્યક્ષમ સ્ટોક પરિભ્રમણ સુનિશ્ચિત થશે અને ખેડૂતોની આવકમાં વધારો થશે.

----------

## CHHATISHGADH – WORLD RADIO DAY

છત્તીસગઢના આકાશવાણી રાયપુરમાં આજે વિશ્વ રેડિયો દિવસ નિમિત્તે એક કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉભરતી ટેકનોલોજી વચ્ચે માધ્યમની વિકસતી ભૂમિકાનું અન્વેષણ કરવામાં આવ્યું હતું. રાયપુરમાં આ ખાસ કાર્યક્રમ યુનેસ્કોના સહયોગથી યોજાયો હતો. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. આકાશવાણીના મહાનિર્દેશક રાજીવ જૈન, યુનેસ્કોના સંચાર અને માહિતી માટેના પ્રાદેશિક સલાહકાર હજ્જાજ માલે, અનેક જનપ્રતિનિધિઓ, પદ્મશ્રી પુરસ્કાર વિજેતાઓ અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી છે. ૧૯૪૬માં સંયુક્ત રાષ્ટ્ર રેડિયોની સ્થાપનાની યાદમાં દર વર્ષે ૧૩ ફેબ્રુઆરીએ આ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે થીમ છે “રેડિયો અને કૃત્રિમ બુદ્ધિમત્તા AI એક સાધન છે.

----------

## 58th Army-Military Challenge Cup

ભારતીય સૈન્ય પ્રથમ વખત ઇન્ટરનેશનલ મિલિટરી એડવેન્ચર ચેલેન્જ કપ -IMACC 2026નું આયોજન કરશે. આ સ્પર્ધા 18 થી 23 ફેબ્રુઆરી સુધી પૂર્વીય હિમાલયની તળેટીમાં યોજાશે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે IMACC ૨૦૨૬માં ભારતીય સેના, ભારતીય વાયુસેના, ભારતીય કોસ્ટ ગાર્ડ અને ઇન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસની ટીમો સાથે સાત મિત્ર દેશો - ભૂટાન, બ્રાઝિલ, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, નેપાળ, શ્રીલંકા અને સાઉદી અરેબિયા - ની ટીમો ભાગ લેશે.

----------

## REV. EVE. ICC MEN'S T20 WORLD CUP

ICC મેન્સ T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં, ચેન્નાઈમાં અમેરિકા અને નેધરલેન્ડ્સ વચ્ચે ગ્રુપ ડીની મેચ ચાલી રહી છે. નેધરલેન્ડ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. છેલ્લા મળેલા અહેવાલો પ્રમાણે અમેરિકાએ 11.3  ઓવરમાં 3  વિકેટે 113 રન કર્યા છે.

આજે સાંજે દિલ્હીમાં ગ્રુપ ડીની બીજી મેચમાં, સંયુક્ત આરબ અમીરાતે કેનેડાને પાંચ વિકેટથી હરાવ્યું.

આજે બપોરે કોલંબોમાં ગ્રુપ બીની મેચમાં ઝિમ્બાબ્વેએ ઓસ્ટ્રેલિયાને 23 રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, ઝિમ્બાબ્વેએ તેમના નિર્ધારિત 20 ઓવરમાં 2 વિકેટે 169 રન બનાવ્યા. લક્ષ્યનો પીછો કરતા, ઓસ્ટ્રેલિયા 19.3 ઓવરમાં 146 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

----------